**પ્રોસીક્યુશનની મંજૂરી માંગતી વખતે લાંચરૂશ્વત વિરોધી બ્યુરોએ મોકલેલ તપાસના કાગળો પરત કરવા બાબત:**

**ગુજરાત સરકાર,**

**ગૃહ વિભાગ,**

પરિપત્ર ક્રમાંક: લરવ-૧૫૯૩-૩૨૦૩-હ,

સચિવાલય, ગાંધીનગર. તા.૨૪-૯-૧૯૯૩

**પરિપત્ર**

લાંચ રૂશ્વત વિરોધી બ્યુરો, લાંચ રૂશ્વત વિરોધી અધિનિયમ-૧૯૮૮ હેઠળ છટકાના કેસોમાં આ અધિનિયમની કલમ-૧૯ મુજબ કસુરદાર સામે કેસ કોર્ટમાં પ્રોસીક્યુટ કરવા માટે સક્ષમ અધિકારી પાસે પ્રોસીક્યુકશનની મંજૂરી માંગે છે. પ્રોસીક્યુકશનની મંજૂરી આપવામાં સરળતા રહે તે માટે કેસના અભ્યાસ અને ઉપયોગ અર્થે લાંચરૂશ્વત વિરોધી બ્યુરો તરફથી તપાસના મુળ કાગળો/રેકર્ડ પણ સક્ષમ અધિકારીને આપવામાં આવે છે. આ રેકર્ડના આધારે સક્ષમ અધિકારી પ્રોસીક્યુશનની મંજૂરી આપે છે. પરંતુ સરકારના ધ્યાન ઉપર આવેલ છે કે કેટલાક કિસ્સાઓમાં પ્રોસીક્યુશનની મંજૂરી સમયસર આપવામાં આવતી નથી, અને આપવામાં આવે છે તો તપાસના કાગળો રેકર્ડ લાંચરૂશ્વત વિરોધી બ્યુરોને પરત કરવામાં આનાકાની અથવા વિલંબ કરવામાં આવે છે. પરિણામે તપાસના કાગળોના અભાવે, કેસ કોર્ટમાં ૧ માસમાં ચાર્જશીટ કરવાની સમયમર્યાદા છે તેમાં પણ વિલંબ થાય છે. વળી છટકાના કોર્ટ કેસમાં રજૂઆત અધિકારી તરીકે લાંચરૂશ્વત વિરોધી બ્યુરોના અધિકારી હોય છે, અને તેમને આ કાગળોની ખુબ જ જરૂરિયાત રહે છે.

આથી સચિવાલયના સર્વે વિભાગો/સર્વે ખાતાના વડાઓને સુચના આપવામાં આવે છે કે પ્રોસીકયુશનની મંજુરીના હુકમની સાથે જે તપાસના અસલ કાગળો-(ઝેરોક્ષ નકલો રાખ્યા સિવાય) લાંચરૂશ્વત વિરોધી બ્યુરોને તાત્કાલિક પરત કરવાના રહેશે. જો વિભાગ/ખાતાના વડાઓ તરફથી આવી પ્રોસીકયુશનની મંજુરીની સાથે તપાસના કાગળો પરત નહીં આવે અને ચાર્જશીટ કરવામાં વિલંબ થશે તો જે તે વિભાગની જવાબદારી ગણવાની રહેશે. આથી, આવું ન બને તેની તકેદારી રાખવા વિનંતી કરવામાં આવે છે.

ગૃહ વિભાગ,
ગુજરાત સરકાર,
ગાંધીનગર